# India-EU Leaders' Meeting (May 08, 2021)

May 06, 2021

---

# ભારત-ઈયુના નેતાઓની બેઠક (મે 08, 2021)

મે 06, 2021

1. યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ ચાર્લ્સ માઇકલના આમંત્રણ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી 8 મે, 2021ના રોજ વિશેષ આમંત્રિત તરીકે યુરોપીયન કાઉન્સિલની બેઠકમાં ભાગ લેશે. ભારત-ઇયુના નેતાઓની બેઠકનું આયોજન પોર્ટુગલના વડાપ્રધાન એન્ટોનિયો કોસ્ટા દ્વારા કરવામાં આવ્યું છે. હાલમાં પોર્ટુગલ યુરોપિયન યુનિયનની કાઉન્સિલનું અધ્યક્ષપદ સંભાળે છે.

2. વડાપ્રધાન ઇયુના તમામ 27 સભ્ય દેશોની સરકારના વડાંઓ સાથે બેઠકમાં ભાગ લેશે. ઇયુ+ 27 એ અગાઉ આ ફોર્મેટમાં માત્ર એક વખત બેઠક યોજી છે જે માર્ચમાં અમેરિકન પ્રમુખ સાથે યોજાઈ હતી. આ બેઠકમાં કોવિડ-19 રોગચાળો અને હેલ્થકેર કામગીરી, ટકાઉ અને સર્વાંગી વૃધ્દ્ધિ, ભારત-ઇયુની આર્થિક ભાગીદારીને મજબૂત બનાવવી તથા પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દા પર નેતાઓ ચર્ચા કરશે.

3. ભારત-ઇયુના નેતાઓની બેઠક ઇયુના સભ્ય દેશોના તમામ નેતાઓ સાથે ચર્ચા કરવાની એક અભૂતપૂર્વ તક હતી. આ એક મહત્ત્વની રાજકીય સિધ્દ્ધિ છે અને જુલાઈ 2020માં 15મી ભારત-ઇયુ સમિટ બાદ આવેલી ગતિને વધારે મજબૂત બનાવશે.

**નવી દિલ્હી**
**મે 06, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.